# ગુજરાતે ક્લાયમેટ ચેન્જના પડકારોને તકમાં પરવર્તિત કર્યા છે : ભૂપેન્દ્રભાઈ

## બિલ્ડીંગ અ કલાયમેટ- રેઝિલીયન્ટ ગુજરાત-કલાયમેટ ચેન્જ વિભાગ આયોજીત બહુવિધ કાર્યક્રમમાં મુખ્યમંત્રીની અધ્યક્ષીય ઉપસ્થિતી

ગાંધીનગર, તા. ૨૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'બિલ્ડિંગ અ કલાયમેટ રેઝિલીયન્ટ ગુજરાત' અન્વયે રાજ્યના કલાયમેટ ચેન્જ વિભાગ આયોજીત કાર્યક્રમમાં સ્પષ્ટ મત વ્યક્ત કર્યો કે વિકાસના રોલ મોડેલ ગુજરાતે કલાયમેટ ચેન્જના પડકારો સામે પણ સુરક્ષિતતા, સજ્જતા સાથે વિકાસની નવી પરિભાષા અંકિત કરી છે.

આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે વર્તમાન પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના દષ્ટિવંત નેતૃત્વમાં ગુજરાતે ૨૦૦૯માં એશિયાભરમાં પ્રથમવાર કલાયમેટ ચેન્જનો અલાયદો વિભાગ શરૂ કરી દેશ અને દુનિયાને આગવી દિશા દર્શાવી છે.

તેમણે કહ્યું કે રાજ્ય સરકારે આ કલાયમેટ ચેન્જ વિભાગના બજેટમાં છેલ્લાં ૧૨ વર્ષમાં ઉત્તરોત્તર વધારો કર્યો છે. આ વર્ષે બજેટમાં ૯૧૦ કરોડની જોગવાઈ સરકારે કરી છે એમ પણ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીએ સાયન્સ સિટીમાં આયોજીત આ કાર્યક્રમમાં શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણી, કલાયમેટ ચેન્જ અને વનમંત્રી કિરીટસિંહ રાણા, રાજ્યમંત્રી જગદિશ વિશ્વકર્મા અને કુબેરભાઈ ડીંડોર તથા દેશ-વિદેશના તજજ્ઞોની ઉપસ્થિતિમાં વિવિધ યોજનાઓ, સહાયો અને પ્રકલ્પો તથા એમ.ઓ.યુ. વગેરેની ભેટ આપી હતી.

મુખ્યમંત્રીએ રાજ્યની પ્રતિષ્ઠિત ગુજરાત યુનિવર્સિટી ખાતે સેન્ટર ઓફ એક્સલન્સની સ્થાપના કરવા માટે કલાયમેટ ચેન્જ વિભાગ દ્વારા રૂપિયા ૧ કરોડ ૫૦ લાખના અનુદાન ફાળવણી જાહેરાત પણ કરી હતી.

આ પ્રસંગે ૧૨ લાભાર્થીઓને બેટરી સંચાલિત દ્વિચક્રી વાહનોની સહાય વિતરણ કરાયું હતું. આ યોજના હેઠળ છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્યના ધોરણ ૯ થી ૧૨ તથા કોલેજના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને કુલ ૨૫,૩૨૮ વિદ્યાર્થીઓને કુલ રૂપિયા ૨૧.૦૬ કરોડની સહાય અપાઈ છે.

ગુજરાત આ લક્ષ્ય સિદ્ધ કરવામાં લીડ લેવા સજ્જ છે તેની વિભાવના આપતાં મુખ્યમંત્રીએ ઉમેર્યું કે આ પંચામૃત લક્ષ્યો અન્વયે ૨૦૩૦ સુધીના લક્ષ્યને ધ્યાનમાં રાખી ગુજરાતે નવો સ્ટેટ એક્શન પ્લાન પણ તૈયાર કર્યો છે.

આ પ્રસંગે કલાયમેટ ચેન્જ વિભાગ દ્વારા રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે એમ.ઓ.યુ. પણ કરવામાં આવ્યા હતા. જેમાં યુનિસેફ, ઈ.યુ, આઇ.સી.એલ.ઈ.આઇ., આઇ.આઇ.એમ-અમદાવાદ, આઇ.આઇ.ટી- ગાંધીનગર, એમ.એસ.યુનિવર્સિટી, અમદાવાદ યુનિવર્સિટી, પી.ડી.પી.યુ., સાયન્સ સિટી, ટેક્નિકલ શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ, નવસારી કૃષિ યુનિવર્સિટી, સુઝલોન ગુજરાત વિન્ડ પાર્ક લિમિટેડ જેવી સંસ્થાઓ સાથે એમ.ઓ.યુ થયા છે.

શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીએ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી કલાઈમેટ ચેન્જ સંદર્ભે લીધેલા પગલાઓને પ્રવર્તમાન રાજ્ય સરકાર પરિણામલક્ષી રીતે આગળ વધારી રહી છે. કલાઈમેટ ચેન્જ એ વૈશ્વિક પડકાર છે અને વિશ્વ આખું તેનો સામનો કરી રહ્યું છે. ઋતુઓમાં બદલાવ અને તેના પગલે કુદરતી હોનારતો સર્જાઈ રહી છે તેના માટે કલાઈમેટ ચેન્જ જવાબદાર છે. સાથો- સાથ અનેક પ્રકારના રોગોનો આપણે સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે આ બધી વિપરીત પરિસ્થિતિના પડકાર માટે ગુજરાત કટિબદ્ધ બન્યું છે.

વન પર્યાવરણ અને કલાયમેટ ચેન્જ વિભાગના મંત્રી કિરીટસિંહ રાણાએ જણાવ્યુ હતુ કે તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પર્યાવરણ અને ગ્લોબલ વોર્મિંગને વધતું કઈ રીતે અટકાવી શકાય તે વિશે વિચાર મંથન કરીને ૨૦૦૯માં કલાયમેટ ચેન્જ વિભાગની શરૂઆત કરી અને વિઝનને એક મિશન તરીકે હાથ ધર્યું હતુ.




- ૧૨ લાભાર્થીઓને બેટરી સંચાલિત દ્વિચક્રી વાહનોનું સહાય વિતરણ
- કલાયમેટ ચેન્જ વિભાગના યુનિસેફ, ઈ.યુ, આઇ.સી.એલ.ઈ.આઇ., IIM-અમદાવાદ, IIT-ગાંધીનગર, એમ.એસ.યુનિવર્સિટી સાથે એમ.ઓ.યુ.
- ગુજરાત યુનિવર્સિટી ખાતે સેન્ટર ઓફ એક્સલન્સની સ્થાપના માટે રૂપિયા ૧ કરોડ ૫૦ લાખના અનુદાન ફાળવણીની કલાયમેટ ચેન્જ વિભાગ દ્વારા જાહેરાત



## વિપુલ દુધીયા સ્વીટ માર્ટ પાસે પાર્કિંગમાંથી એકસેસની ચોરી

ગાંધીનગર, તા.૨૧

કુડાસણ રાધે આર્કેડ ખાતે આવેલી વિપુલ દુધીયા સ્વીટ માર્ટના પાર્કિંગમાંથી એકસેસની ચોરી થવા પામી છે. બનાવ અંગે આનંદ દેસાઈએ રૂ.૩૦ હજારના એકસેસ ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સરગાસણ શ્રી રંગ નેનોસીટી-૧ એ.૨૦૪ ખાતે રહેતા આનંદ કાનજીભાઈ દેસાઈ પાટીદાર ઓટોમાં મેનેજર તરીકે ફરજ બજાવે છે. આંનદભાઈ પોતાના અંગત કામ માટે એકસેસ નં. જી.જે.૧૮.ડી.એફ.-૭૯૬૬ નો ઉપયોગ કરતા હતા. જયારે આનંદભાઈએ એકસેસ પોતાના મિત્ર પાસેથી ખરીદી કરી હતી. ત્યારે ગત તા.૨૩.૯.૨૧ ના રોજ કુડાસણ નવકાર બંગ્લોઝ ખાતે રહેતા શેઠ જગદીશ પટેલ આનંદનું એકસેસ લઈને વિપુલ દુધીયા સ્વીટ માર્ટની દુકાને ગયા હતા. ત્યારબાદ મીઠાઈ ખરીદીને ફોન પર વાત કરતા તેઓ ઘરે જતા રહ્યા હતા. જયારે બપોરે બે વાગે પાર્ક કરેલું એકટીવા રાત્રીના ૧૧ વાગે લેવા જતા એકસેસ સ્થળ પર ન હતું. એકસેસની આસપાસના વિસ્તારમાં પોતાની રીતે શોધખોળ કરી હતી પરંતુ મળી આવ્યું ન હતું.




## ઓમ લેન્ડ માર્ક સ્કૂલ ખાતે અંડર-૧૪ રગ્બી ફૂટબોલ સ્પર્ધા યોજાઈ

ઓમ લેન્ડ માર્ક સ્કૂલ, ચિલોડા મોટા ખાતે ગુજરાત રાજ્ય અંડર-૧૪ રગ્બી ફૂટબોલ સ્પર્ધા યોજાઈ હતી. ગુજરાત રગ્બી ફૂટબોલ એસોસિએશન દ્વારા પ્રથમવાર ગુજરાત રગ્બી કપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ગુજરાત રાજ્યમાંથી દસ જિલ્લાઓએ ભાગ લીધો હતો. આ ટૂર્નામેન્ટ ટાઈટલ સ્પોન્સર ઓમ લેન્ડ માર્ક સ્કૂલ અને હોસ્પિટલ પાર્ટનર સવિતાબા ઓમ રાવલ હોસ્પિટલ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં અંડર-૧૪ ભાઈઓમાં પ્રથમ નંબરે ગાંધીનગર, બીજો નંબર કચ્છ અને ત્રીજા નંબરે મહેસાણાની ટીમ વિજેતા બની હતી. તથા બહેનોમાં પ્રથમ નંબરે ગાંધીનગર, બીજા નંબરે કચ્છ, ત્રીજા નંબરે દાહોદની ટીમે મેળવ્યો હતો. ગુજરાત કપમાં ચેમ્પિયન લેન્ડમાર્ક સ્પોર્ટસ એકેડેમીએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ હતુ. સુરતની ટીમે બીજું સ્થાન અને અમદાવાદની ટીમે ત્રીજા સ્થાને રહી હતી. જ્યારે બહેનોમાં ગુજરાત કપમાં ચેમ્પિયન કચ્છની ટીમ પ્રથમ, ગાંધીનગરની ટીમ બીજા નંબરે, અમદાવાદની ટીમ ત્રીજા નંબરે વિજેતા રહી હતી. ગુજરાત રગ્બી ફૂટબોલ એસોસિશનના સેક્રેટરી દિપ રાવલ અને નટુભાઈ પટેલ પત્રકાર, ટ્રસ્ટી અશોકભાઈ રાવલે ટીમના ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## પીડીઈયુના ચેરમેનપદે હસમુખ અઢિયાની નિમણૂંક

### આ સાથે જેરમીના વાઇસ ચેરમેન અને મેનેજીંગ ટ્રસ્ટી તરીકે પણ જવાબદારી સોંપાઇ

ગાંધીનગર તા.૨૧

પૂર્વ નાંણા સચિવ નિવૃત્ત સનદી અધિકારી હસમુખ અઢિયાની પંડિત દીનદયાલ એનર્જી યુનિવર્સિટીની સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન તરીકે નિયુક્તિ કરવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નજીકના વિશ્વાસુ અધિકારી રહી ચુકેલા હસમુખ અઢિયા જીએસટી અને નોટબંધીના આયોજન અને અમલીકરણ સાથે સંકળાયેલા હતા અને તેઓ વર્ષ ૧૯૮૧ની ગુજરાત કેડર બેચના ભારતીય વહીવટી સેવાના નિવૃત્ત આઈ.એ.એસ અધિકારી છે. તેમણે ભારતના નાણાં સચિવ અને મહેસૂલ સચિવ તરીકે કામગીરી બજાવી હતી. તેઓ ભારત અને ગુજરાત સરકાર માટે નાંણાકીય સેવાના સચિવ સહિત અન્ય ઘણા પદો પર અને ગુજરાતના કેન્દ્રીય વિશ્વવિદ્યાલયના કુલપતિ તરીકે પણ સેવા આપી ચુક્યાં છે.



## સેક્ટર-૩ ખાતે ઈન્ટર ક્લાસ ટેકવોન્ડો પુમસે ઈવેન્ટ યોજાઈ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન અને યુનિવર્સલ એક્સપ્લોરર ગ્રુપ દ્વારા સેક્ટર-૩ ખાતે ઈન્ટર ક્લાસ ટેક્વોન્ડો પૂમસે ઈવેન્ટ ૨૦૨૨ નું નિઃશુલ્ક આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઈવેન્ટમાં ઈવેન્ટ કો-ઑર્ડિનેટર મિલાપ ટાટારિઆ ટાઈગર થકી સંસ્થાનાં ગ્રાન્ડમાસ્ટર પ્રકાશ સંભવાણી, ગાંધીનગર મહાનગરપાલિકાનાં ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ અને યુવા કથાકાર પાર્થ શાસ્ત્રી વિશેષ મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં અને પુષ્પગુચ્છ તથા મોમેન્ટોથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશનનાં ટેક્નિકલ ડિરેક્ટર જતીન દવે એ સતત ૬ દિવસ સુધી પૂમસે ઈવેન્ટનાં દરેક સહભાગીને તાલીમ આપી હતી સાથે સાથે કોચ રોનક કંસારા, મિલન કંસારા અને કોચ અજય જાડેજાએ ઈવેન્ટમાં દરેક સહભાગી વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું તથા ઉપરોક્ત ટીમનાં મેડિકલ સ્ટાફ દિપિકા મકવાણા અને અમિષા કંસારા દ્વારા ટીમનું નેતૃત્વ સંભાળ્યું હતું. ટીમનાં મેનેજર સન્ની રાજપૂત અને જૈમિન વોરા દ્વારા ટીમનું નેતૃત્વ પૂરું પાડવામાં આવ્યું હતું.

સંસ્થાનાં ડિરેક્ટર જતીન દવે દ્વારા ઈન્ટર ક્લાસ ટેક્વોન્ડો પૂમસે ઈવેન્ટને સફળ બનાવવામાં આવી હતી. તથા મિલાપ ટાટારિઆ ટાઈગરએ પૂમસે ઈવેન્ટનાં દરેક એ દરેક ટીમનો, વિદ્યાર્થીઓનો, ઉપસ્થિત મહેમાન, સંસ્થાનાં ગ્રાન્ડમાસ્ટર તથા કોચ અને ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓનાં માતા-પિતાનો આભાર વ્યક્ત કર્યો હતો.

## સોશિયલ એક્ટિવિટી ટ્રસ્ટનો ઈન્દ્રોડા સરકારી શાળામાં રમતોત્સવ

ગાંધીનગર, તા.૨૧

એવું કહેવાય છે કે 'બાળકનું સ્મિત એ ઈશ્વરનું વરદાન છે એટલે કોઈ જરૂરિયાતમંદ બાળકના ચહેરા પર સ્મિત રેલાવવું એ ઈશ્વરની ભક્તિ કરવા સમાન છે.' ગાંધીનગરમાં સોશિયલ એક્ટિવિટી ચેરીટેબલ ટ્રસ્ટ પણ એક એવી સંસ્થા છે જેના દ્વારા અવારનવાર બાળકો, નિરાધાર અને જરૂરિયાતમંદ નાગરિકો માટે તેમજ પર્યાવરણ ક્ષેત્રે ખૂબ જ લોકહિતના કાર્યો કરવામાં આવે છે. તાજેતરમાં આ સંસ્થા દ્વારા ગાંધીનગરના ઈન્દ્રોડા ગામે સરકારી શાળાના બાળકોનો રમતોત્સવ યોજીને બાળકોને પ્રસન્ન કર્યા હતાં.



ગાંધીનગર સોશિયલ એક્ટિવિટી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગત તા.૧૯મી ફેબ્રુઆરી, શનિવારના રોજ પ્રાથમિક શિક્ષણ વિભાગના વહીવટી અધિકારી ડૉ. કિરણબેન પટેલની વિશેષ ઉપસ્થિતિમાં ઈન્દ્રોડા સરકારી પ્રાથમિક શાળા નં.૧ અને ૨માં સ્પોર્ટ્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં દોડ, સંગીત-ખુરશી, રસ્સાખેંચ, લીંબુ-ચમચી, ક્રિકેટ વગેરે રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. રમતોત્સવમાં ધોરણ ૧ થી ૮ના ૧૦૦ જેટલાં વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર અલગ-અલગ રમતોમાં ભાગ લીધો હતો.

રમતોત્સવની રમતોમાં પ્રથમ અને દ્વિતીય નંબરે વિજેતા બનેલા સ્પર્ધકોને ઈનામ સ્વરૂપે અનુક્રમે સ્કૂલબેગ, પાણીની બોટલ તેમજ નોટબુક વગેરે આપી સન્માનિત કરાયાં હતાં. આ પ્રસંગે સંસ્થા સાથે સંકળાયેલા પરેશભાઈ સોનીના સ્વર્ગસ્થ પિતાની બીજી પુણ્યતિથિ નિમિત્તે તેમના તરફથી સ્કૂલના ૨૫૦ જેટલાં બાળકોને સમોસાનો અલ્પાહાર કરાવવામાં આવ્યો હતો. આવા વિવિધ કાર્યક્રમો આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે જે ભાવિ પેઢી માટે પ્રેરણાદાયી બની રહેશે.

## ઈન્દ્રોડા ગામે લાઉડ સ્પીકર વગાડનાર ત્રણ શખ્સો સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધાયો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરને અડીને આવેલા ઈન્દ્રોડા ગામના વચલા વાસ ખાતે મનુજી ગાભાજી ઠાકોરના ઘરે વધુ જોરશોરથી લાઉડ સ્પીકર વાગી રહ્યા હતા. જયારે લાઉડ સ્પીકર વગાડનાર ચિરાગ ઠાકોર સહિત ત્રણ શખસો સામે જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધી સાઉન્ડ સિસ્ટમ પણ જપ્ત કરી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ઈન્ફોસીટી પોલીસ મથકના જવાનો નાઈટ રાઉન્ડમાં હતા. તે સમયે રાત્રીના ૧૨ વાગ્યાના અરસામાં કંટ્રોલ રૂમમાંથી મેસેજ મળ્યો હતો કે ઈન્દ્રોડા ગામે લાઉડ સ્પીકર વાગે છે. જે અન્વયે પોલીસ ઈન્દ્રોડા ગામના વચલા વાસ ખાતે જતા મનુજી ગાભાજી ઠાકોરના ઘરે લાઉડ સ્પીકર વાગી રહ્યા હતા તે બંધ કરવાનું કહેવા છતા બંધ કર્યા ન હતા. જેથી લાઉડ સ્પીકર વગાડનાર ચિરાગ કનુભાઈ ઠાકોર અને શૈલેશકુમાર રાવળ અને મનુજી ગાભાજી ઠાકોર સહિત ત્રણ શખ્સો સામ ધ્વની પ્રદુષણ અને જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધી સાઉન્ડ સિસ્ટમ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

### બેઠક યોજાઈ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાથ ધરવામાં આવે જે યોજનાઓના અમલીકરણમાં લક્ષ્યાંક સિદ્ધિ થઈ નથી તેને લઈ ચર્ચાઓ થઈ હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની આર્થિક સ્થિતિ અંગે પણ સર્વગ્રાહી સમીક્ષા થઈ હોવાનું જાણવા મળેલ છે. ૧૯ ગામ અને ૧ ન.પા.નો વિસ્તાર મનપામાં ભેળવવામાં આવતાં આવકના ઘટાડાનો પડઘો આજે બજેટમાં જોવા મળશે તેમ મનાઈ રહ્યું છે.

### દબાણોનો રાફડો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિસ્તારમાં ખોદકામ હાથ ધરવાનુ છે ત્યારે સેંકડો રોપાઓને પણ નુકશાન થશે તેમ પણ મનાઈ રહ્યુ છે. પરંતુ વન વિસ્તારની સફાઈ અને ફેન્સીંગનુ કામ પણ હાથ ધરવામાં આવતુ નથી જયારે આ સ્થિતિ વચ્ચે વન વિસ્તારમાં દબાણોની સંખ્યા પણ વધતી જાય છે. કેટલાક ઠેકાણે કોર્મશિયલ દબાણો પણ અસ્તિત્વમાં આવી રહ્યા છે. જયારે રહેણાંક વિસ્તાર નજીક પણ સ્થિત ઝુંપડાઓ વધી ગયા છે. જેના લીધે આસપાસના રહીશો પણ તોબા પોકારી ગયા છે. શહેરમાં ચ-૨ થી ગ-૨ વચ્ચેના રૂટમાં પણ ઝુંપડાઓના દબાણ વધતા આસપાસના રહીશો માટે સમસ્યા ઉભી થઈ છે. શહેરના મુખ્ય માર્ગો આસપાસ પણ વન વિસ્તારમાં ઠેર ઠેર કચરાના ઢગ જોવા મળી રહ્યા છે. વન વિસ્તારમાં કેટલાક ઠેકાણે સુકા વૃક્ષોનુ પણ હજુ અસ્તિત્વ છે. જયારે વૃક્ષોની નમી પડેલી તોતિંગ ડાળીઓનુ પણ ટ્રીમીંગ કરવુ અનિવાર્ય છે. આ સ્થિતિ વચ્ચે વન વિસ્તારની રોનક નિખારવા વનતંત્રએ જરૂરી પગલા લેવા જોઈએ તેવી પણ માંગ ઉઠવા પામી છે. વન વિસ્તારમાં વધતા ઝુંપડા અને કોર્મશિયલ દબાણો અન્વયે પણ પગલા લેવાય તે પણ અનિવાર્ય છે.

### કિંમતી પ્લોટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરગાસણની નગર યોજના નં-૭માં ફાઈનલ પ્લોટ નં-૧૫૨ દુકાનોને અનુલક્ષી હરાજી કરવા માટે નિયત કરાયો હતો. જયારે આ જમીન ટી પી સ્કીમ બનાવવા દરમિયાન કપાતમાં ગુડાને મળેલી છે. જેમાં ૯૪૮૨ ચો મી ના આ પ્લોટમાં ૭૫૫૦ ચો મી જેટલી જમીન આગોતરા કબજા કરાર સહીત સત્તામંડળને સોંપણી કરવામાં આવતી હોવાછતા અંદાજિત ૧૨૦ કરોડની કીંમતનો પ્લોટ નજીવી કિંમતે વેચી મારવાનો કારસો રચાયો હતો. ભુમાફિયાઓ દ્વારા નાગિરકો સાથે પણ છેતરપીંડી કરવાનો પ્રયાસ કરાયો છે. ભાવિ સમયમાં આવા તત્વો સામે ગુડા લેન્ડ ગ્રેબિંગ એકટ હેઠલ કાર્યવાહી કરશે તેમપણ ગુડાના સુત્રોએ જણાંવ્યુ છે.

### વેક્સિનને મંજુરી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વધુ વસ્તીને સામેલ કરવાની સમીક્ષા નિયમિત રીતે કરવામાં આવે છે. ડીસીજીઆઈએ પહેલા કોર્બેવેક્સને પોતાની મંજૂરી ૨૮ ડિસેમ્બરે સીમિત આધાર પર ઈમરજન્સી ઉપયોગ માટે આપી હતી. આ ભારતમાં કોવિડ-૧૯ વિરુદ્ધ વિકસિત આરબીડી આધારિત વેક્સીન છે. અગાઉ, સૂત્રોએ જણાવ્યું હતું કે કોવિડ-૧૯ પર ઝઙ્ઢજીઝ્રની વિષય નિષ્ણાત સમિતિએ અરજી પર ચર્ચા કરી હતી અને ભલામણ કરી હતી કે બાયોલોજિકલ ર્ઝ્રહ્લદ્ગટ ને કટોકટીના ઉપયોગની અમુક શરતો હેઠળ ૧૨ થી ૧૮ વર્ષની વય જૂથ સુધી મર્યાદિત રાખવાની ભલામણ કરવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે આ ભલામણ અંતિમ મંજૂરી માટે ડીસીજીઆઈને મોકલવામાં આવી હતી.

### બિટકોઈન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ટેક્સ્ટ મેસેજ આવ્યો હતો અને તેને બિટકોઈન માઈનિંગમાં રોકાણ કરવા માટે પૂછ્યું હતું. તેમને તેમના રોકાણ પર દૈનિક વળતર આપવાની વાત કરવામાં આવી હતી. શિક્ષકે ટેક્સ્ટ મેસેજમાં આપવામાં આવેલી લિંક પરથી એક એપ ડાઉનલોડ કરી હતી અને શરૂઆતમાં ૨,૦૦૦ રૂપિયાનું રોકાણ કર્યું હતું. તેણે પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, બીજા દિવસે તેના ખાતામાં પ્રોફિટના ૫૦ રૂપિયા ડિપોઝિટ થઈ ગયા હતા. પોલીસે જણાવ્યું હતું કે આ સમયગાળા દરમિયાન તેને વિવિધ મોબાઈલ નંબર પરથી વોટ્સએપ કોલ આવ્યા હતા. તેમાંથી એક કોલર આરવ ખન્નાનો હતો જેણે મ્યુઝિક ટીચરને મોટો નફો મેળવવા માટે મોટું રોકાણ કરવાનું કહ્યુ હતું. નિયમિત રીતે નફો તેમના ખાતામાં જમા થતો રહેતો હતો અને બાદમાં ટીચરે બિટકોઈન માઈનિંગ માટે એપમાં ૨.૪૭ કરોડ રૂપિયા ડિપોઝિટ કર્યા હતા. ભારતમાં ૨૪૦ જેટલા લોકો સાથે આ છેતરપિંડી થઈ હોવાનું માનવામાં આવી રહ્યું છે.

આ સમય દરમિયાન આરોપીએ એક વોટ્સએપ ગ્રુપ બનાવ્યુ હતું અને ગ્રુપમાં ૨૦૦થી વધુ રોકાણકારોને એડ કર્યા હતા. થોડા દિવસ બાદ એપ પ્લે સ્ટોર પરથી હટાવી દેવામાં આવી હતી. રૂપિયા પાછા મેળવવા માટે તમામ કોલર્સને કરવામાં કોલ વ્યર્થ ગયા હતા. ત્યારે ફરિયાદીને ખ્યાલ આવ્યો કે તેની સાથે છેતરપિંડી કરવામાં આવી છે. ઝોનલ ડીસીપી વિજય પાટીલની દેખરેખમાં સિનિયર ઈન્સપેક્ટર દીપક ચવ્હાણની આગેવાનીમાં એક ટીમ બનાવવામાં આવી હતી.

તેઓ બેંગલુરુ ગયા હતા અને આરોપીને એક બેંક નજીકથી ઝડપી પાડ્યો હતો અને ટીમે સીસીટીવી ફૂટેજ જોયા હતા. શુક્રવારે પોલીસે બેંગલુરૂના રહેવાસી મોહમ્મદ જબીરની ધરપકડકરી હતી.

### માત આપી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રાગનનંદાએ સોમવારે સવારે રમાયેલી બાજીમાં કાળા રંગના મહોરાઓ વડે રમીને કાર્લસનને ૩૯ ચાલમાં હરાવ્યો હતો. આ રીતે તેણે કાર્લસનના વિજય અભિયાન પર પણ રોક લગાવી, જે અગાઉ સતત ૩ બાજી જીત્યો હતો.

આ વિજય બાદ ભારતીય ગ્રાન્ડ માસ્ટરના ૮ પોઈન્ટ થઈ ગયા અને તેઓ ૮મા તબક્કા બાદ સંયુક્ત ૧૨મા નંબર પર છે. પાછલા તબક્કાની બાજીઓમાં અપેક્ષિત પ્રદર્શન ન કરી શકનારા પ્રાગનનંદાનો કાર્લસન પરનો વિજય અપ્રત્યાશિત રહ્યો. અગાઉ તેમણે ફક્ત લેવ આરોનિયન સામે વિજય નોંધાવ્યો હતો. તે સિવાય પ્રાગનનંદા ૨ બાજીઓ ડ્રો રમ્યા, જ્યારે ૪માં તેમણે હારનો સામનો કરવો પડ્યો.

### અજવાળું-અજવાળું ● અનુસંધાન ચોથાનું ચાલુ...

રહ્યો.ગરમાગરમ ગાંઠિયા - ચા ને દેશી ભોજનના પ્રેમી, એમના માટે એમ કહેવાય કે 'મળ્યા માણહે વાસુદેવસિંહ ચા પીવે' માત્ર પીવે જ નહીં ચા પીવડાવે, સાંજ પડે કોઈ મહેમાન ઘરમાં ન આવ્યું હોય તો એમને સોરવે નહિં. ઘરમાં ચા પીવે ને પાછા લારીએ - કેબીને ચા પીવા જાય... ત્યાં કોક તો મળશે ને !!! એનો જીવ જ જાણે ભાઈબંધ ભૂખ્યો... ભાઈબંધ ભાળે ને ભેટી પડે... વાસુદેવસિંહની સમગ્ર જીવન યાત્રામાં જાણીતા યોગ શિક્ષક અને અમારા સહુના આદરણીય શ્રી રમુભા જાડેજા સાહેબનું બહુમૂલ્ય પ્રદાન રહ્યું છે.

ભારતમાં હિમાલયની યાત્રા એમને ૭૦ વાર કરી છે, રણ-દરિયા-પર્વતોને જંગલોમાં ફર્યા છે ને પરિવારને - મિત્રો ને સાથે આજે પણ લઈ જાય છે. બાયપાસ કરાવ્યા બાદ પણ ૧૮ હજાર ફુટે જઈ આવ્યા છે. માઈનસ બાર ડીગ્રીમાં પણ રહ્યા છે ને એનો કોઈ ઢોલ પીટતા નથી.

મિત્રો - જે કૉલેજમાંથી સાથે રહ્યા એમનું સ્મરણ કરીએ તો કોને યાદ કરું ને કોણ યાદ ન આવે ? આવનારા દિવસોમાં જે તે સમયના મિત્રો ભેગા થઈ રહ્યા છે, ત્યારે દોસ્તો આથેની પળો માટે વાસુદેવસિંહે કહ્યા એ શબ્દો લખવા ગમે 'પૈસાથી જે કયારેય ન પામી શકાય એવો જલસો જિંદગીમાં જો આપણે કરી શકીએ તો એ માત્ર ને માત્ર મિત્રો સાથે જ હોય છે.' મૈત્રીના આવા અજવાળાને પ્રતિબળ ઝીલતા રહીએ.

### શંખનાદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરી યૂક્રેનને યુદ્ધ માટે ઉક્સાવી રહી છે. જોકે હવે તેમનાં આગલાં પગલાં અંગે કોઈ જ પુખતા જાણકારી નથી. યૂક્રેન વિશ્લેષકોનો દાવો છે કે, યૂક્રેનની પાસે પણ રશિયા જેવાં જ ટેંક અને વાહન છે. તેથી તેઓ તેમની સેનાને ગોળીબારથી બચાવવા સામો વાર કરીશકે છે. વાહનો પર આ ફ્કારનાં નિશાન બનાવાની શરૂઆત પહેલાં ખાડી યુદ્ધ દરમિયાન અમેરિકા અને બ્રિટિશ સેનાઓએ કરી હતી. ત્યારે તેમને એકબીજાને નિશાનીઓ બનાવીને બચાવવા માટે ઉંધા ફનું નિશાન બનાવ્યું હતું. અમેરિકન વિદેશ મંત્રી એન્ટની બ્લિંકને એક વખત ફરી રશિયા પર ફાલ્સ ફ્લેગ ઓપરેશન ચાલુ રાખવાનો આરોપ લગાવ્યો છે. તો બીજી તરફ ચેતાવણી આપી છે કે, રશીયા તરફથી યુદ્ધનાં બહાના બનાવવા માટે ઘણી બધી પટકથાઓ રચવામાં આવી છે જેને કારણે હજુ સુધી સ્પષ્ટ નથી કે, આગામી રશિયન હુમલો કેવાં પ્રકારનો હશે. આ વચ્ચે મોસ્કો સ્થિત અમેરિકન એમ્બેસીએ મોસ્કો, સેન્ટ પીટર્સબર્ગ સહિતનાં ઘણાં શહેરો પર હુમલાની ચેતાવણી આપી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, યૂક્રેન સાથે ચાલુ તણાવની વચ્ચે રશિયાનાં ઘણાં શહેરોમાં શોપિંગ સેન્ટર્સ, રેલવે અને મેટ્રો સ્ટેશનો અને પબ્લિક પ્લેસ પર હુમલો થઈ શકે છે અમેરિકન એમ્બસીનાં પ્રવક્તા જેસન રેભોલ્જે સોશિયલ મીડિયા પર પ્રેસ રિલીઝ જાહેર કરતાં લખ્યું છે કે, 'રશિયા માટે અમેરિકન મિશન તરફથી ઈમ્પોર્ટંટ સિક્યોરિટી એલર્ટ આવનારા થોડા દિવસોમાં યુદ્ધ થવાની આશંકા વચ્ચે જર્મની અને ઓસ્ટ્રિયાએ તેનાં નાગરિકોને યૂક્રેન છોડવા કહ્યું. જર્મની વિમાન કંપની લુફ્થાંસાએ રાજધાની, કીવ અને ઓડેસા માટે ઉડાન રદ્દ કરી દીધી છે.